# ગ્રામાભિમુખ શિક્ષણ સંસ્થા તરીકે લોકભારતીનો વ્યકિત પરિચય

**Dr. Rushi B. Joshi**
Faculty in Education
R. D. Gardi College of Education,
Rajkot, Gujarat.

Received: Feb. 16, 2018 Accepted: March 18, 2018

**ABSTRACT** *પ્રસ્તુત અભ્યાસ લોકભારતી દ્વારા ગ્રામ ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૬૦ વર્ષમાં થયેલી કામગીરીનો હતો. આ માટે પ્રયોજકે અગત્યના દસ્તાવેજો જેવા કે લોકભારતીનું બંધારણ, લોકભારતીના ઉદ્‌ઘાટન વખતે શ્રી નાનાભાઈએ આપેલા વ્યાખ્યાનો, લોકભારતીની સ્થાપના પૂર્વે તેમણે લખેલા લેખો, લોકભારતીમાં દર વર્ષે ઉજવાતા વાર્ષિકોત્સવ પ્રસંગ શ્રી નાનાભાઈ અને શ્રી મનુભાઈએ આપેલા વ્યાખ્યાનોની નોંધ તથા અન્ય શુભેચ્છકો દ્વારા લોકભારતીની શિક્ષણપ્રણાલી અંગે લખાયેલી તટસ્થ નોંધોનો અભ્યાસ કર્યો હતો. સંસ્થાના હાલના પ્રવૃત્ત ટ્રસ્ટીઓ, લોકભારતી ટ્રસ્ટના નિયામક તથા લોકસેવા મહાવિદ્યાલયના નિયામકની મુલાકાત લીધી હતી તેમજ લોકભારતીમાં અભ્યાસક્રમના ભાગરૂપે ચાલતા અનુબંધિત વિભાગો ગૌશાળા, લોકવિજ્ઞાન કેન્દ્ર, નર્સરી તેમજ ઘઉં સંશોધન કેન્દ્રની કાર્યપદ્ધતિનો અભ્યાસ કરવા આ વિભાગોના વર્તમાન વિભાગીય વડાઓની મુલાકાત લીધી હતી. લોકભારતી દ્વારા ઉચ્ચ શિક્ષણમાં થયેલા પ્રદાનનો અભ્યાસ કરવા લોકભારતીને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જાણનાર–સમજનાર વ્યકિતઓની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેના માટે મુલાકાતપત્રકો તૈયાર કરવામાં આવ્યા હતા. તેના અનુસંધાને ચર્ચા અને પ્રશ્નોત્તરી ગોઠવવામાં આવી હતી. મળેલ તમામ માહિતીનું વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવ્યો હતો.*

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે લોકભારતી દ્વારા ગ્રામ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૬૦ વર્ષમાં થયેલી કામગીરીનો અભ્યાસ કર્યો હતો. તે માટે તેના આદ્યસ્થાપક શ્રી નાનાભાઈ ભટ્ટ અને શ્રી મનુભાઈ પંચોળી દ્વારા લોકભારતીની સ્થાપનાનો ઈતિહાસ, લોકભારતીનું બંધારણ, લોકભારતીમાં ગ્રામ ઉચ્ચ શિક્ષણ માટે ચાલતા લોકસેવા મહાવિદ્યાલયના ગ્રામવિદ્યા સ્નાતક કે ગ્રામવિદ્યા અનુસ્નાતક અભ્યાસક્રમની લાક્ષણિકતાઓ, કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધિઓ તેમજ લોકભારતીમાં લોકસેવા મહાવિદ્યાલયના અભ્યાસક્રમને અનુબંધિત ચાલતા ગૌશાળા, ઘઉં સંશોધનકેન્દ્ર, લોકવિજ્ઞાન કેન્દ્ર, નર્સરી વિભાગની લાક્ષણિકતાનો અભ્યાસ કર્યો હતો. લોકભારતીમાં અભ્યાસક્રમના ભાગરૂપે ચાલતા છાત્રાલયો અને સહઅભ્યાસક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ તથા કાર્યકરોના ઘડતરમાં કઈ રીતે ઉપયોગી બને છે તેનો તેમજ લોકભારતીમાં છેલ્લા ૬૦ વર્ષોમાં અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ક્ષેત્રે થયેલા યોગદાનનો અભ્યાસ કર્યો હતો.

**અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબના હતાં

૧. લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપનાનો ઈતિહાસ જાણવો.
૨. લોકભારતીના બંધારણ આધારિત ઉદ્દેશોનો અભ્યાસ કરવો.
૩. લોકભારતીના ગ્રંથાલય વિશે માહિતી મેળવવી.
૪. લોકભારતીમાં ગ્રામ ઉચ્ચશિક્ષણ માટે ચાલતા લોકસેવા મહાવિદ્યાલયના ગ્રામવિદ્યા સ્નાતકના અભ્યાસક્રમની લાક્ષણિકતા, કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધિઓનો અભ્યાસ કરવો.
૫. લોકસેવા મહાવિદ્યાલયની ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવો.
૬. લોકભારતીમાં ગ્રામ ઉચ્ચશિક્ષણ માટે ચાલતા લોકસેવા મહાવિદ્યાલયના ગ્રામવિદ્યા અનુસ્નાતકના અભ્યાસક્રમની લાક્ષણિકતા, કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધિઓનો અભ્યાસ કરવો.
૭. લોકભારતીમાં ગ્રામ ઉચ્ચશિક્ષણને અનુબંધિત લોકવિજ્ઞાન કેન્દ્રની કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધિઓનો અભ્યાસ કરવો.
૮. લોકભારતીમાં ગ્રામ ઉચ્ચશિક્ષણને અનુબંધિત ચાલતા અન્ય વિભાગોની કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધિઓનો અભ્યાસ કરવો.
૯. લોકસેવા મહાવિદ્યાલયની શિક્ષણપ્રણાલી દ્વારા વિદ્યાર્થીઓ અને કાર્યકરોના ઘડતરમાં થયેલ યોગદાનનો અભ્યાસ કરવો.
૧૦. લોકભારતીના વિદ્યાર્થીઓ અને તેમના દ્વારા સમાજમાં અપાયેલ યોગદાન તપાસવું.

**અભ્યાસનું મહત્ત્વ**

૧૯૫૩માં નાનાભાઈ અને તેમના સાથીમિત્રો વડે સ્થપાયેલી દેશની સૌ પ્રથમ ગ્રામવિદ્યાપીઠ લોકભારતી દ્વારા છેલ્લા ૬૦ વર્ષોમાં ગ્રામ્ય શિક્ષણમાં થયેલા પ્રદાન અંગેની માહિતી આ અભ્યાસથી પ્રાપ્ત થશે. આ સંસ્થા એ ગ્રામ ઉચ્ચ શિક્ષણમાં શિક્ષણ, વિસ્તરણ અને સંશોધનના માધ્યમથી સમપોષિત ગ્રામ્ય વિકાસની દિશામાં આપેલા યોગદાન અંગે જાણકારી પ્રાપ્ત થશે જે આ ક્ષેત્રે કાર્ય કરતી અન્ય સંસ્થાઓને ઉપયોગી થશે. અહીં ચાલી રહેલા અન્ય વિભાગો જેવા કે ગૌશાળા, લોકવિજ્ઞાન કેન્દ્ર, નર્સરી અને ઘઉં સંશોધન કેન્દ્ર વગેરે વિશે આ દિશામાં કાર્યરત અન્ય સંસ્થાઓને માર્ગદર્શક બનશે. અભ્યાસ પરથી મળેલા તારણો અન્ય સંસ્થાઓના સંચાલકોને પોતાની સંસ્થાના વિકાસમાં મદદરૂપ થશે. દેશની ૭૦ ટકા વસ્તી ગામડાઓમાં રહે છે. ગ્રામ્ય શિક્ષણક્ષેત્રે કાર્યરત આ સંસ્થા અને તેના વિકાસની જાણકારી સમગ્ર શિક્ષણ જગતને ફાયદાકારક બની રહેશે.

**સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસને વ્યવહારિક કે ગુણાત્મક પ્રકારમાં મૂકી શકાય. તાત્ત્વિક સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકવા કે સૈદ્ધાંતિક જ્ઞાનના ઉપયોજનના હેતુથી હાથ ધરવામાં આવેલા સંશોધનો વ્યવહારિક સંશોધનો તરીકે ઓળખાય છે. પ્રસ્તુત સંશોધનના પરિણામો વ્યવહારિક રીતે ઉપયોગમાં લઈ શકાય તેમ છે. તેથી પ્રસ્તુત અભ્યાસ વ્યવહારિક સંશોધન ગણાય. પ્રસ્તુત સંશોધન લોકભારતી સંસ્થાનો અભ્યાસ કરી તેના વિવિધ પાસાંઓ વર્ણનાત્મક સ્વરૂપે રજૂ કરશે. આમ, સંશોધનની નિષ્પત્તિ ગુણાત્મક હોવાથી તે ગુણાત્મક સંશોધન છે.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

લોકભારતી, સણોસરા અને તેનું સંસ્થા સંચાલન એ અહીં વ્યાપવિશ્વ હતું. સંસ્થા સંચાલનમાં સમાવિષ્ટ પાસાંઓ જેવાં કે વહીવટ, શિક્ષકોની ભરતી પ્રક્રિયા, મકાન અને તેની બાંધણી (ઈન્ફ્રાસ્ટકચર), સંસ્થાના કાર્યક્રમો, શિક્ષકો અને આચાર્યોની ફરજમાં સમાવિષ્ટ બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે અહીં નમૂના તરીકે પસંદ કરવામાં આવેલા પાસાંઓ હતા : પ્રસ્તુત અભ્યાસમાં લોકભારતી સંસ્થાની સ્થાપનાનો ઈતિહાસ, ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય, અભ્યાસક્રમ, વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા, સહઅભ્યાસક પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓ, લોકભારતીનું બંધારણ, લોકભારતીના ઉદ્ઘાટન વખતે શ્રી નાનાભાઈએ આપેલા વ્યાખ્યાનો, લોકભારતીની સ્થાપના પૂર્વે તેમણે લખેલા લેખો, લોકભારતીમાં દર વર્ષે ઉજવાતા વાર્ષિકોત્સવ પ્રસંગ શ્રી નાનાભાઈ અને શ્રી મનુભાઈએ આપેલા વ્યાખ્યાનોની નોંધ તથા અન્ય શુભેચ્છકો દ્વારા લોકભારતીની શિક્ષણપ્રણાલી અંગે લખાયેલી તટસ્થ નોંધો, સંસ્થાના હાલના પ્રવૃત્ત ટ્રસ્ટીઓ, લોકભારતી ટ્રસ્ટના નિયામક તથા લોકસેવા મહાવિદ્યાલયના નિયામકની મુલાકાત, તેમજ લોકભારતીમાં અભ્યાસક્રમના ભાગરૂપે ચાલતા અનુબંધિત વિભાગો ગૌશાળા, લોકવિજ્ઞાન કેન્દ્ર, નર્સરી તેમજ ઘઉં સંશોધન કેન્દ્રની કાર્યપદ્ધતિનો અભ્યાસ વગેરે પાસાંઓ પસંદ કરવામાં આવ્યાં હતાં.

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે નીચે મુજબનાં મુખ્ય ઉપકરણોની પસંદગી કરી હતી.

(૧) દસ્તાવેજો, (૨) અવલોકન, અર્ધસહભાગી નિરીક્ષણ, અને (૩) મુલાકાત.

**માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે માહિતીના ઉપકરણોને આધારે માહિતીની પ્રાપ્તિ કરી હતી. લોકભારતી સંસ્થા વિષયક લખાણો તેમજ સંસ્થા વિશે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ તેમજ હાલમાં કાર્યરત શિક્ષકો, ટ્રસ્ટીઓ વગેરે પાસેથી માહિતી મેળવીને પ્રયોજકે પૂર્વકલ્પિત હેતુઓના અભ્યાસ માટે માહિતી પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત લોકભારતી સંસ્થા સંબંધિત મુલાકાત, દસ્તાવેજો, અવશેષો, પુસ્તકો, વર્તમાનપત્રો દ્વારા માહિતી એકઠી કરવામાં આવી હતી. આમ પ્રાથમિક સ્રોતો અને ગૌણ સ્રોતોના આધારે માહિતી એકત્રીકરણ કર્યું હતું.

**માહિતીનું વિશ્લેષણ**

જુદા જુદા સંદર્ભો દ્વારા એકત્ર કરાયેલી માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણની પદ્ધતિ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. ઉપલબ્ધ સંદર્ભસ્રોતો પરથી મળેલ માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ કરીને વિષયોના મુદ્દાઓને યોગ્ય તાર્કિક ક્રમમાં ગોઠવીને વિશ્લિષ્ટ માહિતીનું અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસમાં માહિતીના પૃથક્કરણ કે વિશ્લેષણની રીત ગુણાત્મક સંશોધનના અભિગમમાં ઐતિહાસિક પદ્ધતિને અનુસરતી હતી. માહિતીનું વિશ્લેષણ બોગડાન અને બિકલેન (૧૯૯૮) તથા મેકમિલન અને શૂમેકર (૧૯૮૯)ની સૂચનાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

**તારણો**

**પ્રાપ્ત પરિણામોનું અર્થઘટન અને તારણો**

પ્રયોજકે દસ જેટલા હેતુઓના સંદર્ભમાં છવ્વીસ જેટલા પ્રશ્નોની રચના કરી હતી. તેના સંદર્ભમાં નીચે મુજબના તારણો મળ્યા હતાં.

૧. **લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના સમયે તેના સ્થાપકના વિચારો–મનોરથ.** લોકભારતી ગ્રામવિદ્યાપીઠ એ લોકાભિમુખ ગ્રામઉચ્ચ શિક્ષણની ખોજ અર્થે આરંભાયેલી એક અનોખી પ્રયોગયાત્રા છે. જેનું ઉદ્ઘાટન ૨૮મી મે, ૧૯૫૩માં બુદ્ધજયંતિના પવિત્ર દિવસે ભાવનગરથી ૪૫ કિ.મી.ના અંતરે ભાવનગર–રાજકોટ ધોરીમાર્ગ પર સણોસરા ગામ (તા.સિહોર, જિ. ભાવનગર, ગુજરાત)ની ધર્મશાળામાં નઈ તાલીમના અધ્વર્યુ શ્રી કાકાસાહેબ કાલેલકરના હસ્તે થયું હતું.

**ગામડાંમાં નહીં, ગામડા માટેનું શિક્ષણ આપવું.** ગામડાની પુનર્રચના માટે ઉપયોગી થાય તે માટે સારા ખેતીવિદો, સારા ગૌવંશશાસ્ત્રોના જાણકારો, સારા શિક્ષકો, સારા સહકાર વિજ્ઞાનના જ્ઞાનીઓ, સારા સ્થાનિક સ્વરાજના જાણકારો તૈયાર કરવા. ગામડાંમાંથી જ આવા યુવાનો તૈયાર કરવા. આ વિશાળ દૃષ્ટિને નજર સમક્ષ રાખીને ગામડાંનાં ગરીબમાં ગરીબ માણસમાં સંસ્કારો સુષુપ્ત રીતે પડેલાં છે એને જાગૃત કરવા કેળવણીની અખંડ જ્યોત ગરીબનાં ઝૂંપડાં સુધી પહોંચાડવી અને એ દ્વારા સંસ્કૃતિની એકાદ એવી ઈંટ રચવી જેમાં પરિશ્રમની પવિત્રતા હોય પણ પરિશ્રમ કરનાર બાઘો, શોષિક કે સ્વાર્થ શોષિત ન હોય, એની બુદ્ધિ પ્રશ્નનું આકલન કરતી હોય, એના હાથ કામ કરતા હોય અને એનું હૃદય સૌનાં સુખદુઃખમાં સાથ આપતું હોય એવા મનોરથ સાથે લોકભારતી સંસ્થાના સ્થાપકશ્રી નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળીએ આ નવપ્રયાણ–આશાભર્યો પુરુષાર્થ આરંભ્યો હતો.

૨. **ગ્રામવિદ્યાસ્નાતક અભ્યાસક્રમની લાક્ષણિકતાઓ અને કાર્યપદ્ધતિ :**

ગ્રામવિદ્યાસ્નાતક અભ્યાસક્રમની લાક્ષણિકતાઓ અને કાર્યપદ્ધતિઓ આ પ્રમાણે હતી.

૧. લેખિત, મૌખિક પરીક્ષાને આધારે પ્રવેશમાં ગુણની સાથે કૌશલને પણ મહત્ત્વ આપવામાં આવે છે.
૨. માતૃભાષા દ્વારા અપાતું તમામ વિષયોનું શિક્ષણ. અંગ્રેજીને ઐચ્છિક વિષય તરીકે સ્થાન અપાયું છે.
૩. ભૌતિક વિદ્યાઓ, માનવીય વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમમાં સમન્વય, તમામ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓએ અમુક વિષયો સંયુક્ત રીતે ભણવાના હોય છે.
૪. અભ્યાસક્રમમાં આરોગ્ય શિક્ષણ, પર્યાવરણશાસ્ત્ર, સફાઈ વિજ્ઞાન, જગતના ધર્મોનો તુલનાત્મક અભ્યાસ, ગાંધીવિચાર જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
૫. અભ્યાસક્રમના ભાગરૂપે ૨૫૦ કલાક શ્રમકાર્ય દરેક વિદ્યાર્થી કરે છે.
૬. અભ્યાસક્રમના ભાગરૂપે શિબિરો પ્રવાસ, સહઅભ્યાસક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.
૭. એકપણ જાહેર રજા નહિ પરંતુ જે તે ઉત્સવોની ઉજવણી તેના વૈશિષ્ટ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.
૮. અભ્યાસક્રમના ભાગરૂપે વિસ્તરણકાર્ય ગોઠવાયેલું છે.
૯. અભ્યાસક્રમના ભાગરૂપે કાર્યાનુભવની (કેન્દ્રનિવાસ, શિક્ષણનિવાસ, ગ્રામનિવાસ) વિશિષ્ટ યોજના અમલી છે.
૧૦. અભ્યાસક્રમના ભાગરૂપે ખાસ વિષય અંતર્ગત અભ્યાસ નિબંધની યોજના અમલી છે.

૧૧. અભ્યાસક્રમના ભાગરૂપે છાત્રાલય નિવાસ સમૂહજીવનને અનિવાર્ય સ્થાન વિદ્યાર્થીઓના નાના જૂથનાં સ્વયંસંચાલિત છાત્રાલય તેમજ રસોડાની રચના, દરેક છાત્રાલયના એક ગૃહપતિ, તમામના સંચાલન માટે મુખ્ય ગૃહપતિ એ રીતની રચના છે.
૧૨. તમામ વિદ્યાર્થીઓનું એક વિદ્યાર્થીમંડળ, વિકેન્દ્રિત પદ્ધતિએ ચૂંટણી, મંત્રીમંડળ સંસ્થાની રોજિંદી પ્રવૃત્તિઓ, સહઅભ્યાસક પ્રવૃત્તિઓ, ઉત્સવોની ઉજવણી તેમજ વિવિધ કાર્યક્રમોની અધ્યાપકના માર્ગદર્શન નીચે આયોજન–અમલ–મૂલ્યાંકનની પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી કરે છે.
૧૩. શિસ્ત અને નિયમપાલનની અનોખી રીત અમલી છે.
૧૪. શિક્ષણ સાથે વિસ્તરણ અને સંશોધનનું સંકલન, વિષયનો પ્રત્યક્ષ વ્યવહાર અને સેવાકાર્ય સાથે અનુબંધ કરવામાં આવે છે.
૧૫. ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારોની રજાને સ્થાને ભાગીદારીપૂર્ણ, સંસ્કારપૂર્ણ ઉજવણી વિદ્યાર્થીમંડળ દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.
૧૬. અભ્યાસક્રમના ભાગરૂપે અભ્યાસ પ્રવાસ, નાના તેમજ મોટા પ્રવાસોનું આયોજન કરવામાં આવે છે.
૧૭. સમૃદ્ધ પુસ્તકાલય, વિદ્યાર્થીને સ્વઅધ્યયન માટે ગ્રંથાલયમાં અધ્યાપકના માર્ગદર્શનવાળું ગ્રંથાલયકાર્ય અનિવાર્ય છે.
૧૮. તમામ વિષયોનું જીવાતા જીવન સાથેનું અનુબંધિત શિક્ષણ યોજવામાં આવે છે. ખાસ વિષય તેમજ અન્ય વિષયના શિક્ષણ માટે નર્સરી, ખેતીવાડી, ઘઉં સંશોધન કેન્દ્ર, ગૌશાળા જેવી જીવતી જાગતી પ્રયોગશાળાની અનુકૂળતા છે.
૧૯. સહશિક્ષણ અંતર્ગત ભાઈઓ અને બહેનો બહુ જ સ્વાભાવિક રીતે કુટુંબભાવનાથી સાથે રહીને ભણે છે.
૨૦. વિદ્યાર્થીઓને રહેવાનું છાત્રાલય, ભણવાનો વર્ગખંડ અને ભોજનનું રસોડું એક જ મકાનમાં જેથી મકાન બાંધકામનો ખર્ચ– આવનજાવનનો સમય બચે, ક્યારેક ખુલ્લામાં વૃક્ષો નીચે વર્ગો લેવાય છે.
૨૧. વસ્ત્ર તરીકે ખાદી ફરજિયાત છે.
૨૨. મૂલ્યાંકનની વિશિષ્ટ પદ્ધતિ, આંતરિક મૂલ્યાંકન, લેખિત, મૌખિક, ક્રિયાત્મક સ્વરૂપે મૂલ્યાંકન અને ગ્રેડ પદ્ધતિનો ૧૯૫૩થી સ્વીકાર કરવામાં આવ્યો છે.
૨૩. અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિષયોના અધ્યાપનકાર્ય માટે અનુબંધવાળી વ્યાખ્યાન પદ્ધતિ, દશ્યશ્રાવ્ય સાધનો, કાર્યાનુભવ, સઘનશિક્ષણ–પ્રોજેક્ટ પદ્ધતિ, ચર્ચા પદ્ધતિ, જૂથ કાર્યપદ્ધતિ, વિદ્યાર્થી દ્વારા વર્ગસંચાલન, વર્ગનોંધ અભ્યાસ–ગૃહકાર્ય–સ્વાધ્યાય વગેરે પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.
૨૪. સ્પર્ધા–હરીફાઈનો અભ્યાસક્રમમાં નિષેધ છે.
૨૫. શિક્ષણ–સંશોધન–વિસ્તરણની અનેક પ્રવૃત્તિઓમાં ગ્રામાભિમુખતાને અગ્રિમતા અપાય છે.

**ગ્રામવિદ્યા સ્નાતક અભ્યાસક્રમની ઉપલબ્ધિઓ :**

ગ્રામવિદ્યા સ્નાતક અભ્યાસક્રમની ઉપલબ્ધિનો નીચે પ્રમાણે જોવા મળી હતી :

૧. પોતાનો અભ્યાસક્રમ, પોતાનું પ્રમાણપત્ર, યુ.જી.સી.ની માન્યતા અને જવાબદારીથી શોભતી સ્વાયત્તતા, યુનિવર્સિટી અને યુ.જી.સી. દર પાંચ વર્ષે લોકસેવા મહાવિદ્યાલયનું નિરીક્ષણ કરે છે.
૨. ૧૯૫૩ થી ૨૦૦૫ સુધીમાં ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨,૯૧૫ છે.
૩. પ્રયોગશીલતા જાળવવાનો સતત સંનિષ્ઠ પ્રયાસ થયેલો છે.
૪. લોકસેવા મહાવિદ્યાલયમાંથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ભાવનગર યુનિવર્સિટી તેમજ અન્ય યુનિવર્સિટીઓમાં આગળના ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ માન્યતા મળેલી છે.

**ગ્રામવિદ્યા અનુસ્નાતક અભ્યાસક્રમની લાક્ષણિકતાઓ, કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધિઓ**

લોકભારતીમાં ગ્રામઉચ્ચ શિક્ષણ માટે ચાલતાં લોકસેવા મહાવિદ્યાલયના ગ્રામવિદ્યા અનુસ્નાતક (એમ.આર.એસ. – માસ્ટર ઓફ રૂરલ સ્ટડીઝ) અભ્યાસક્રમની લાક્ષણિકતાઓ, કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધિઓ નીચે પ્રમાણે છે.

**ગ્રામવિદ્યા અનુસ્નાતક અભ્યાસક્રમની લાક્ષણિકતાઓ અને કાર્યપદ્ધતિ :**

ગ્રામવિદ્યા અનુસ્નાતક અભ્યાસક્રમની લાક્ષણિકતાઓ અને કાર્યપદ્ધતિઓ આ પ્રમાણે હતી.
૧૯૯૨ થી ૨૦૧૬ સુધી નીચે પ્રમાણે લાક્ષણિકતાઓ અને કાર્યપદ્ધતિ જળવાઈ રહી હતી.

૧. અભ્યાસક્રમમાં સામાજિક પુનરુત્થાનના સિદ્ધાંતો તેમજ 'મહાન કૃતિનો અભ્યાસ' જેવા વિષયોને સ્થાન. દુનિયાની નીવડેલી, વખણાયેલી મહાન કૃતિઓનો વિદ્વાન દ્વારા આસ્વાદ અને વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસની યોજના અમલમાં છે.
૨. સમયપત્રકમાં અઠવાડિયામાં એક વખત ક્ષેત્રીય કાર્યને સ્થાન, જેમાં આસપાસના ગામો, સરકારી, સહકારી સંસ્થાઓ, પંચાયતો અને સ્વૈચ્છિક સંસ્થાઓનો વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પદ્ધતિએ અભ્યાસની યોજના અમલમાં છે.
૩. મૂલ્યાંકનની વિશિષ્ટ પદ્ધતિ. આંતરિક મૂલ્યાંકન લેખિત, મૌખિક ક્રિયાત્મક કસોટીઓનો મૂલ્યાંકનમાં ઉપયોગ. ગ્રેડ પદ્ધતિનો શરૂઆતથી સ્વીકાર કરવામાં આવ્યો છે.
૪. સમયપત્રકમાં પ્રત્યક્ષકાર્ય ઉપરાંત સંસ્થા બહાર જઈ સમાજમાં સીધું શિક્ષણ લે તેવા અનેક કાર્યક્રમો જેવા કે પ્રવાસ, શિબિર, ગ્રામવિદ્યાપીઠ નિવાસ, ગ્રામજીવન સર્વે શિબિર, ઉદ્યોગ શિબિર, કૃષિ યુનિવર્સિટી નિવાસ, વિષય નિવાસ, આફતગ્રસ્તોને મદદનો સમાવેશ, આ તમામ કાર્યક્રમોના આયોજન, અમલ મૂલ્યાંકનની પ્રક્રિયામાંથી વિદ્યાર્થી પસાર થાય તે રીતની યોજના અમલમાં છે.
૫. લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના વિવિધ કાર્યક્રમો– જેવા કે વિદ્યાર્થીમંડળ, તહેવારોની ઉજવણી, સહઅભ્યાસક પ્રવૃત્તિઓ વગેરેમાં ભાગીદારી કરે છે.
૬. શિક્ષણ સંશોધન વિસ્તરણની પ્રવૃત્તિઓમાં ગ્રામાભિમુખતાને અગ્રિમતા.

**ગ્રામવિદ્યા અનુસ્નાતક અભ્યાસક્રમની ઉપલબ્ધિઓ :**

ગ્રામવિદ્યા અનુસ્નાતક અભ્યાસક્રમની ઉપલબ્ધિઓ આ પ્રમાણે હતી :

લોકભારતીની શિક્ષણ પ્રણાલી મુજબ ગ્રામવિદ્યાશાખાની અન્ય લાક્ષણિકતાઓ આ અભ્યાસક્રમની પણ લાક્ષણિકતાઓ ગણાવી શકાય. ઉપરોક્ત લાક્ષણિકતાઓ મુજબ અનેક કાર્યક્રમો અમલમાં મૂકીને લાક્ષણિકતાઓને સ્થાયી સ્વરૂપ આપીને મૂળ સિદ્ધાંતને કેન્દ્રમાં રાખીને સુનિશ્ચિત માળખું રચવામાં આવ્યું છે જે આ અભ્યાસક્રમની શૈક્ષણિક ઉપલબ્ધિ કહી શકાય.

**લોકવિજ્ઞાન કેન્દ્રની કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધિઓ :**

લોકભારતીમાં ગ્રામઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમને અનુબંધિત ચાલતા લોકવિજ્ઞાન કેન્દ્રની કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધિઓ નીચે પ્રમાણે જોવા મળી હતી.

શિક્ષણક્ષેત્રે લોકવિજ્ઞાન કેન્દ્રની કાર્યપદ્ધતિઓ અને ઉપલબ્ધિઓ આ પ્રમાણે હતી.

૧. વિજ્ઞાન અને ટેકનોલોજીને કરુણા, સમતા અને ન્યાયલક્ષી એવા માનવીય પરિપ્રેક્ષ્યમાં પ્રયોજીને સમગ્ર સૃષ્ટિ સાથે સુસંવાદિતાં હોય એવા જીવન માટેનાં જીવન, વૈજ્ઞાનિક અભિગમ, ટેકનોલોજી અને જીવનલક્ષી શિક્ષણ યોજી–કેળવીને તેનો વ્યવહારમાં ઉપયોગ કરી સ્થાયી વિકાસ સાધવાના મનોરથ સાથે ૨૬ જાન્યુઆરી ૧૯૭૩થી લોકભારતીમાં શરૂ કરવામાં આવેલ છે.
૨. લોકસેવા મહાવિદ્યાલયના બી.આર.એસ. તથા એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓ તથા અન્ય વિભાગના વિદ્યાર્થીઓ તથા આસપાસના પચાસ ગામોના વિદ્યાર્થીઓ, શિક્ષકો, ખેડૂતો, મહિલાઓ વગેરેને પર્યાવરણ, ઊર્જા, વિજ્ઞાનશિક્ષણ, ગણિત, ખગોળ, અંધશ્રદ્ધા, વહેમ મુકિત, સજીવખેતી જેવા વિષયોની વૈજ્ઞાનિક અભિગમથી અનુબંધિત શિક્ષણ, તાલીમ મળી રહે એ માટે સ્થાયી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.
૩. ૧૪–૧૪ કલાકની વિશ્વવિખ્યાત ફિલ્મો જેવી કે 'કોસમોસ', 'અવર લીવીંગ પ્લેનેટ', 'લાઈફ ઓન ધ અર્થ', 'મોર્ડન સીવીલાઈઝેશન', 'ધ એસેટ ઓફ મેન' વગેરેને સરળ ગુજરાતી સમજ સાથે દર્શાવવામાં આવી. 'ઈ.ટી.'અ ને 'ધ ડે આફટર' જેવી ફિલ્મોનો વર્તમાન સમય સાથે અનુબંધ જોડીને રસાસ્વાદ કરાવવામાં આવ્યો છે.
૪. પ્રો. યશપાલ અને પ્રો. અનિલ સદ્ગોપાલ દ્વારા આયોજિત 'મંથન' અને 'લોકશાળા' જેવી વિજ્ઞાન ટેકનોલોજી શિક્ષણની રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય ભાગીદારી કરવામાં આવી છે.
૫. ભારત જનજ્ઞાન–વિજ્ઞાન જાથા અંતર્ગત અંધશ્રદ્ધા વહેમમુક્તિના કાર્યક્રમો થઈ રહયા છે.
૬. અમદાવાદ સ્થિત પર્યાવરણશિક્ષણ કેન્દ્રની સહાયથી ૩૦ શાળાઓમાં પર્યાવરણ શિક્ષણની વિશેષ કામગીરી ચાલી રહી છે.
૭. નિર્મળ જળ–સુખાકારી પર્યાવરણ જાગૃતિ અભિયાનના વિવિધ કાર્યક્રમોમાં ભાગીદારી જેવો કે સર્વે કરવા, નિદર્શનો, પ્રદર્શનો, ડાયરો, શેરીનાટક કરવામાં આવે છે.
૮. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનના વિવિધ કાર્યક્રમોમાં ભાગીદારી કરવામાં આવી છે.
૯. યુ.જી.સી.એ ૨૦૦૧માં કોલેજોમાં 'પર્યાવરણ અને સમાજ' વિષય ભણાવવાનું અમલી બનાવ્યું છે, જયારે લોકભારતીમાં ૧૯૭૭ થી ઈકોલોજી 'પર્યાવરણશાસ્ત્ર' તેમજ 'કુદરતી સંતુલન' જેવા વિષયોનો અભ્યાસ કરાવાય છે. તેમાં આ કેન્દ્રનું પ્રત્યક્ષ–સૈદ્ધાંતિક શિક્ષણ આપવામાં આગવું યોગદાન છે.
૧૦. ગુજરાત ઈકોલોજી કમિશનની સહાયથી કોઈપણ વિદ્યાશાખાની કોલેજોના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટેનું પર્યાવરણશાસ્ત્ર વિષયનું અતિ માહિતીસભર અને નમૂનેદાર સિલેબસ પેકેજ તૈયાર થયું છે.
૧૧. શ્રેણી ૫, ૬, ૭ની પ્રવૃત્તિઓ દર્શાવતી પ્રવૃત્તિપોથી તૈયાર કરવામાં આવી છે.
૧૨. 'પાણી' વિષયક વિવિધ પ્રવૃત્તિઓ, ગીતો, નાટકો, જાણવા જેવું વગેરે બાબતોને સમાવતી પુસ્તિકા તૈયાર કરવામાં આવી.
૧૩. 'ગણિતગમ્મત' પુસ્તિકા તૈયાર કરવામાં આવી.
૧૪. વિજ્ઞાનકેન્દ્ર દ્વારા અમલમાં મૂકાયેલા વિવિધ પ્રોજેકટસના પરિણામો વ્યવહારમાં અમલી બન્યાં છે.

**વિસ્તરણક્ષેત્ર :** લોકવિજ્ઞાન કેન્દ્રની વિસ્તરણક્ષેત્રે કાર્યપદ્ધતિઓ અને ઉપલબ્ધિઓ આ પ્રમાણે હતી.

લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિજ્ઞાન, પર્યાવરણ, ગણિત, ખગોળ, ઊર્જા વગેરેના વ્યાખ્યાનો, પ્રદર્શનો, સ્લાઈડ શો, ફિલ્મ શો, વાર્તાલાપ, આકાશદર્શન, અંધશ્રદ્ધા, વહેમમુક્તિના કાર્યક્રમો, વર્કશોપ, વિજ્ઞાનમેળા, બાલમેળા, જૂથચર્ચા વગેરે જેવા સ્થાનિક કક્ષાએ અને આસપાસનાં ગામોમાં થતા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ, પરિવારજનો, ગૃહિણીઓ, શિક્ષકો, ખેડૂતો, સ્વૈચ્છિક સંસ્થાઓ, આસપાસની પ્રાથમિક શાળાઓના બાળકો, માધ્યમિક શાળાઓના બાળકો, શિક્ષકો, વાલીઓ, પર્યાવરણ અને વિજ્ઞાન શિક્ષણમાં રસ ધરાવતા કોઈપણ રસિકજનો જેવાં વિવિધ લક્ષ્યજૂથો લાભ લઈ રહયા છે.

**લોકસેવા મહાવિદ્યાલયની શિક્ષણપ્રણાલી દ્વારા વિદ્યાર્થીઓ–કાર્યકર ઘડતરમાં થયેલું યોગદાન :**

લોકભારતીમાં ગ્રામઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે ચાલતા લોકસેવા મહાવિદ્યાલયની શિક્ષણપ્રણાલી દ્વારા વિદ્યાર્થીઓ–કાર્યકર ઘડરતમાં થયેલું યોગદાન નીચે પ્રમાણે જોવા મળ્યું હતું.

૧. લોકભારતીનું શિક્ષણ એટલે ચીલાચાલુ પદ્ધતિથી જૂદું શિક્ષણ. છાત્રાલય, ખાદી, અનુબંધિત શ્રમ, સહઅભ્યાસક પ્રવૃત્તિઓ, ઉત્સવોની ઉજવણી, વિદ્યાર્થીમંડળ આ તમામ પાસાંઓ આ અભ્યાસક્રમના માધ્યમો છે.
૨. ૧૯૫૩થી શ્રી પૂ. નાનાભાઈ ૫ટ્ટ, પૂ. મનુભાઈ પંચોળી, પૂ. મૂળશંકરભાઈ, પૂ. બુચભાઈ જેવા ઋષિવર્યો અહીંના વિદ્યાર્થીઓ કાર્યકરોને શિક્ષક તરીકે મળ્યા છે.
૩. શિસ્ત અને નિયમપાલનની અનોખી રીત આજે પણ અહીં અમલી છે. વિદ્યાર્થીને શિક્ષાને બદલે સમજણથી ઘડવાનો પ્રયત્ન થઈ રહયો છે. અભ્યાસક્રમના ભાગરૂપે યોજાતા અનેકવિધ કાર્યક્રમોએ વિદ્યાર્થીઓને ગ્રામાભિમુખતાના પાઠો શીખવ્યાનો એકરાર અનેક વિદ્યાર્થીઓ અને કાર્યકરો કરે છે.

**લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓનું વિવિધક્ષેત્ર યોગદાન :**

લોકભારતીમાં ગ્રામઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે ચાલતા લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓનું વિવિધક્ષેત્રે યોગદાન નચે મુજબ જોવા મળ્યું હતું.

૧. ૪૦ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ લોકસેવા મહાવિદ્યાલયમાં આજ સુધીમાં ૨૯૧૫ વિદ્યાર્થી ભાઈ–બહેનો અભ્યાસ કરીને સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહયા છે જે નીચે પ્રમાણે છે.
   - શિક્ષણ
   - સ્વતંત્ર વ્યવસાય
   - રાજ્ય સરકારની સેવા
   - સહકારી ક્ષેત્ર
   - ખાનગી નોકરી
   - કેન્દ્ર સરકારની નોકરી
   - પશુપાલન
   - ખાદીગ્રામોદ્યોગ
   - બેન્કિંગ
   - નિગમ
   - ગ્રામવિકાસ
   - ખેતીબાગાયત

૨. લોકભારતીના વિદ્યાર્થીઓએ વિવિધક્ષેત્રે કરેલી કામગીરીની કથાઓ 'ઝાડનાં પારખાં ફળ પરથી' નામની પુસ્તિકાઓમાં લખાઈ છે ! આવી ગણીગાંઠી કથાઓ જ લખાઈ છે, લોકભારતીમાંથી છેલ્લા ૫૦ વર્ષમાં બહાર પડેલા વિદ્યાર્થીઓ ગુજરાતના ખૂણે ખૂણે પથરાયેલા છે અને શિક્ષણ, વિસ્તરણ અને ગ્રામસેવાના કામમાં જોડાયેલા છે.
૩. ગુજરાતમાં ચાલતી ગ્રામવિદ્યાપીઠો અને ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમાં લોકભારતીના વિદ્યાર્થીઓ નમૂનેદાર કામગીરી કરી રહયા છે.
૪. અંગ્રેજી, કાર્યનો અહેવાલ આપવો, કમ્પ્યૂટર શિક્ષણ વગેરે જેવી બાબતોમાં લોકભારતીના વિદ્યાર્થીઓ થોડા નબળા જણાયા છે, પરંતુ આ પ્રમાણ સરખામણીએ ઓછું છે તેમ કહી શકાય.
૫. લોકભારતીના કેટલાક વિદ્યાર્થીઓના જે તે ક્ષેત્રમાં નમૂનેદાર કામગીરી કરવા બદલ સન્માન થયા છે.
૬. લોકભારતીના વિદ્યાર્થીઓ જયાં કામ કરે છે ત્યાં એક અનોખી ભાત ઉપસાવી શકયા છે.

**સંદર્ભસૂચિ**


1. Best, J. W., & Kahn, J. V. (1995). Research in Education (7th Ed.). New Delhi: Prentice Hall of India Private Limited.
2. Bogdan, R. C., & Biklen, S. K. (1998). Qualitative research for education : An introduction to theory and methods (3rd ed.). Bostan : Allyn & Bacon.
3. Cowan, M. (1995). The National Humanities Institute : The First year in American Quarterly, Vol. XIV, Jan 1998, pp. 378-386.
4. Eapen, K. V. (1981). A study of the contribution of the Church Mission Society to the progress and Development of Eduaction in Kerala, in M. B. Buch (1989). Fourth Survey of Research in Education, pp. 67, New Delhi : NCERT.
5. Haluna, J. V. (1986). Education in Mizoram 1894-1947, A Historical Study with special reference to the role of Christian Missions, in M. B. Buch (1989). Fourth Survey of Research in Education, pp. 100, New Delhi : NCERT.
6. Lasco Peter (1990). The future of the Courtland Institute, in the Burlington Magazine, Vol. XXV, Nov. 1967, pp. 585-586
7. Masih, J. (1976). Contribution of Foreign Christian Missionaries forward education in India, in M. B. Buch (1989) Fourth survey of research in education, Vol. II, pp. 105-106, New Delhi : NCERT.
8. Majumdar, S. C. (1979). A Century of Calcutta University : A Study of administration, in M. B. Buch (1989) Fourth survey of research in education, pp. 107, New Delhi : NCERT.
9. McMillan, J.H., & Schumacher, S. (1998). Research in Education (2nd ed.). New York : Halpel Collins.
10. Moore, D. H. (1963). The British Institute of Christian Education, in Journal of Bible and Religion (Feb 1970, pp. 27-29).
11. Pandey, K. P. (1984). A study of the Educational Institution of Ancient India, from Vadic Age to Kushan period, in M.B. Buch (1989) Fourth Survey of Research in Education Vol. I (pp.108), New Delhi : NCERT.
12. Raval, H. H. (1984). A Study of Educational ideas as depicted in Buddhist Philosophy. Unpublished Doctoral dissertation. S. P. University, Vallabh Vidyanage.